રજુ તારીખ : ૧૯–૦૨–૨૦૨૬
દાખલ તારીખ : ૧૯–૦૨–૨૦૨૬
ફેંસલ તારીખ: ૨૩–૦૩–૨૦૨૬
અવધિ: વર્ષ – માસ – દિવસ
૦૦ – ૦૧ – ૦૪

---

**ભાવનગરના મહે. ત્રીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.ભાવનગર.**

---

**પરચુરણ ફોજદારી અરજી નં.૩૩૫/૨૦૨૬**

**આંક : ૭**

**અરજદાર :** **મહેશભાઈ પિઠાભાઈ ખીમસુરીયા,**
ઉ.વ.આ.૩૬, ધંધો–મજુરી,
રહે. પીપરાળી, તા.ઉમરાળા, જી.ભાવનગર.
(હાલ : જયુડીશ્યલ કસ્ટડી, જિલ્લા જેલ, ભાવનગર)

વિ રૂ દ્ધ

**સામાવાળા :** (૧) **શ્રી સરકાર**
(૨) **મૂળ ફરિયાદી,**
ઉ.વ.૫૩, ધંધો–મજુરી,
રહે. ભાણજીભાઈ વાઘના મકાનમાં,
કલ્યાણનગર, કુલસરના નાકા પાસે,
આવાસના મકાનની સામે, ભાવનગર.

**બાબત : બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે : વિ.વ.શ્રી કે.એ.વ્યાસ.
સામાવાળાઓ તરફે : વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા.

---

**–: ચુ કા દો :–**

(૧) અરજદાર/આરોપીએ હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૫૨૬૦૦૨૬/૨૦૨૬ થી

નોંધાયેલ બી.એન.એસ. એકટની કલમ–૬૪(૨)(કે)(એમ) મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન પર મુકત થવા માટે કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો સાથે હાજર થયેલ છે. અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી કે.એ.વ્યાસની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપી તરફે તેમના વિ.વ.શ્રીએ એવી રજૂઆત છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે અને તેને ખોટી રીતે હાલના ગુન્હામાં સંડોવી દીધેલ છે. આ કામે ફરિયાદ હકીકત ધ્યાને લેવામાં આવે તો અરજદાર/આરોપી સામે બી.એન.એસ.ની કલમ ૬૪(૨)(કે)(એમ) મુજબના ગુન્હાના કોઈ તત્વો ફલિત થતા નથી. ભોગ બનનાર પુખ્ત વયના છે અને તેનું સારુ–નરસુ વિચારી શકે તેમ છે. કહેવાતા કોઈ બનાવ વખતે ભોગ બનનારે દેકારો કરેલ હોય તેવું બનેલ નથી. આજુબાજુના કોઈ પાડોશીએ કોઈ બનાવ નજરે જોયેલ નથી. માત્ર નાણા પડાવવા માટે હાલની આ ખોટી ફરિયાદ કરેલ છે. અરજદાર/આરોપી સામે કોઈ પ્રથમદર્શનીય કેસ નથી. સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને વિશેષ કોઈ તપાસ બાકી રહેતી નથી. જેથી સાક્ષી પુરાવા સાથે ટેમ્પર હેમ્પર થવાનો કોઈ પ્રશ્ન નથી. અરજદાર/આરોપી પાસેથી કોઈ રીકવરી ડિસ્કવરી કરવાની બાકી રહેતી નથી. અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે અને ઉપર તેમના કુટુંબની જવાબદારી છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને સ્થાવર જંગમ મિલકત ધરાવે છે. કયાંય નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. ટ્રાયલ સમયે સહેલાઈથી મળી આવે તેમ છે. તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી અને બાંહેધરી આપે છે. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી જી.પી.જાડેજા નાઓએ હાજર થઈ એવી રજુઆત

કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સામે બી.એન.એસ.ની કલમ ૬૪(૨)(કે)(એમ) મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે અને અરજદાર/ આરોપીએ ભોગ બનનારની મરજી વિરુધ્ધ બળાત્કાર કરેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. ભોગ બનનાર તથા અરજદાર/આરોપી નજીક નજીક રહે છે. જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ભોગ બનનાર તથા તેના પરિવારના સભ્યોને ધાક ધમકી આપે અને સાક્ષી, પુરાવા સાથે ચેડા કરે તેવી પુરેપુરી સંભાવના રહેલી છે. તે તમામ સંજોગોમાં, ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટેની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજદાર/આરોપીની અરજી વંચાણે લીધી. બંન્ને પક્ષો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લીધી. ફરિયાદ હકીકત તથા ચાર્જશીટના કાગળો વંચાણે લીધા. આ કામે રેકર્ડ વંચાણે લેતાં, અરજદાર/આરોપી સામે બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૫૨૬૦૦૨૬/૨૦૨૬ થી નોંધાયેલ બી.એન.એસ. એકટની કલમ–૬૪(૨)(કે)(એમ) મુજબનો ગંભીર ગુન્હો નોંધાયેલ છે. વધુમાં, આ કામે ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપીએ ગઈ તા.૧૦/૦૧/૨૦૨૬ ના રોજ સવારમાં ફરિયાદી કચરા પોતા કરવા કામે ગયેલ હતા ત્યારે ભોગ બનનાર ઘરે એકલી હતી અને અરજદાર/આરોપી ઉપરના માળે રહેતા હોય, તે ફરિયાદીના ઘરમાં પાછળના દરવાજેથી અંદર આવેલ અને ભોગ બનનાર વચ્ચેના રુમના દરવાજા પાસે ઉભી હતી તો તેને ધકકો મારીને ખાટલામાં સુવડાવી દઈ, કપડા ઉતારીને ભોગ બનનાર સાથે મરજી વિરુધ્ધ ખરાબ કામ કરવા લાગેલ અને તેના બે દિવસ અગાઉ પણ અરજદાર/આરોપીએ પાછળના દરવાજેથી ફરિયાદીના ઘરમાં આવી, ભોગ બનનાર સાથે મરજી વિરુધ્ધ અવાર–નવાર શારીરિક સંબંધ બાંધી ગુન્હો આચરેલ હોવાના આક્ષેપો છે. તેમજ અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ

આવે છે. વધુમાં, હાલની જામીન અરજીના કામે અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા મુખ્યત્વે ખોટી ફરિયાદ હકીકત ઉભી કરી આવા ગંભીર ગુન્હામાં સંડોવેલ હોવાની રજુઆત કરવામાં આવેલ છે. પરંતુ, તે પુરાવાનો વિષય હોય, હાલની જામીન અરજીના તબકકે તે અંગે વિશેષ કોઈ ચર્ચા કરવાનું ઉચિત જણાતુ નથી. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. વધુમાં, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમની દલીલમાં અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ફરિયાદી તથા ભોગ બનનારને ધાક ધમકી આપે તેવી શકયતાઓ હોવાની રજુઆત કરવામાં આવેલ છે તે હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તેમજ હાલ સમાજમાં દિનપ્રતિદિન આ પ્રકારના બનાવો વધતાં જતાં હોય, આ પ્રકારના ગંભીર ગુન્હામાં જો અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજ ઉપર તેની અવળી અસર પડે તેમ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલના ગુન્હાની હકીકત તથા સંજોગો તથા ગુન્હાનું સ્વરુપ અને ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઈ તથા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, આરોપીને જામીન ઉપર મુકત કરવા સંદર્ભેની વિવેકાધિન સત્તા હાલના તબકકે અરજદાર/આરોપીની તરફેણમાં વાપરવા માટેનો આ યોગ્ય કેસ હોવાનું જણાઈ આવતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન પર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૨૩'મી, માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૨૩/૦૩/૨૦૨૬

**(હેતલ સુરેશચંદ્ર દવે)**
ત્રીજા એડીશ્નલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik